# પ્રાચીન ભારતમાં નગરપાલિકાઓનો વિકાસ

**સંશોધક**
**ડૉ. પંકજ શ્રીમાળી**
**એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ,**
**શ્રીમતી લક્ષ્મીબેન અને શ્રી ચીમનલાલ મહેતા આર્ટસ કોલેજ, અમદાવાદ**

---

ભારત ગામડાઓમાં વસ્યું છે. અને ગામડાઓમાં જ વકસ્યું છે. તેથી સ્વતંત્રોતર ભારતમાં આર્થિક વિકાસ,લોકશાહી રાજ્યપ્રથા અને સમાજવાદી સમાજ રચનાને ચરિતાર્થ કવા પ્રવર્તમાન ગ્રામપ્રથા સામે અનુસંધાન સાધવું પડે. હાલમાં પંચાયતીરાજના સંકલ્પને દોહરાવવાનો થયેલો પ્રયાસ સાચી દિશામાં છે. એમ વિશ્વાસપૂર્વક કહી શકાય લોકશાહી વિકેન્દ્રીકરણ અને આર્થિક, સામાજિક વિકાસના મનોદશા કેળવવામાટે પંચાયતીરાજનો પ્રયોગ જરૂરી છે. આ બાબત માં પ્રાચીન ભારતમાં ગ્રામપંચાયતોના થયેલા ઐતિહાસિક વિકાસને સમજવાનો અને તેમાંથી પ્રેરણા મેળવવાનો પ્રયત્નો સાચો ગણાશે.

સદીઓથી ભારતમાં ગાંડાઓએ પોતાની આગવી જીવન પધ્ધતિ વિકાસાવી છે. પ્રાચીનકાળથી આ ગ્રામ્ય સમુદાયોએ વૈવિધ્યસભર એવું “Corporate life” (સામૂહિક જીવન) વિકસાવ્યું છે. એટલું જ નહી તેને અનુરૂપ સ્વાયત વ્યવહાર પણ ખીલાવ્યો છે. તમામ વાસ્તવિક હેતુઓ માટે આ બધા ‘ Little republics’ (નાના પ્રજાતંત્રો) હતા. એમ કહી શકાય બધા ગામને પોતાના સભા અને સમિતિ હતા. આ સમિતિમાં ગામના વડીલો અને લોકો બેસતા તથા ગામના પ્રશ્નો અંગે ચર્ચા કરતાં. આ પંચાયતોને જોતાં એવું કહી શકાય કે આધુનિક સરકાર જેવા જ તેમના કામો હતા.

તે સમયે ગામના વડાને ‘ગ્રામણી કહેવામાં આવતો હતો. આ બાબત વૈદિક સમયમાંથી જાણવા મળે  છે. તેમજ દરેક ગામની સભા માટે ચોરો કે સભા સ્થળો નક્કી કરવામાં આવતા હતા. જ્યાં ગામ લોકો ભેગા થઈ ચર્ચા કરતાં.
યુ. એન. ઘોષલ લખે છેકે,

"The most remark Kable feature of the early vedic polity consisted in the institytion of popular assemblies,of which two namely, the "sabha" and the "samiti " deserve special mention. The "Samiti" was the vedic folk assembly par excellence which at least in some cases enjoyed the right of electing the king while the "sabha exercised, probadly from the first, judicial functions. Both the 'samiti' and the 'sabha' enjoyed the right of debate- a privilege unknown to the popular assemblies of other ancient peoples".

એ જાણવું આપણને ગમશે કે સભા અને સમિતિમાં ચર્ચા કરવાનો હક રહેતો એટલું જ નહીં સભાસદો ચર્ચા કરવાનો હક રહેતો એટલુ જ નહિ, સભાસદો ચર્ચાને પૂરેપૂરી ગંભીરતાથી લેતા ઋગ્વેદની એક ઋચામાં 'મને વાદવિવાદમાં સર્વોત્તમ બનાવ એવી પ્રાર્થના કરવામાં આવી છે. તે આની સાબિટીચહે. આ પણ સાચું છેકે વર્ણ વ્યવસ્થામાં શૂદ્રોનું સ્થાન નીચે હોવાથી તેમને કેટલાક ગેરફાયદા પણ થયા હતા. તેમજ રાજકારણમાં ઉચ્ચ વર્ણના લોકોનું પ્રદાન વધારે જોવા મળતું હતું. ગ્રામીણી ગામનો વડો હોવા છતાં નિરંકુશ ન હતો . અર્થશાસ્ત્રમાં નોંધવામાં આવ્યું છેકે અનૌપચારિક સ્વરૂપમાં ગ્રામ વૃદ્ધોની એક સમિતિ કામ કરતી હતી. જે ગામ ના કાર્યો માં ગ્રામીની ને સલાહ આપવાનું કાર્ય કરતી હતી.

વેદના પાછળ ના સમય માં આપણને જાણવા મળે છે કે સભા અને સમિતિ જેવી લોકપ્રિય સંસ્થાઓનું અસ્તિત્વ નષ્ટ થતાં આધુનિક સરહદો ધરાવતું રાજ્ય ઉદભવ્યુ હતુ. રાજ્યના ઉદભવ સાથે શક્ય છેકે સભા રાજ્ય દરબારના સ્વરૂપમાં બદલાઈ ગઈ હોય. રાજ્યમાં જેમ જેમ સંસ્થાનીકરણ તથા કેન્દ્રીકરણ વધતું ગયું. તેમ તેમ ગ્રામ સંસ્થાઓનું મહત્વ ઘટતું ગયું. રાજસુર્ય અને અશ્વમેધ યજ્ઞોનો ઉલ્લેખ બતાવે છે કે સમય જતાં રાજાઓ સામ્રાજ્યવાદી બન્યા અને સામ્રાજ્યની કલ્પના તેમના મનમાં ઊભી થઈ હશે. ગ્રામણીને આગળ જતાં 'રત્નીન' તારીખે ઓળખવામાં આવે છે.

'રામરાજ' જેને આપણે કહીએ છીએ તે સમયે ગ્રામ પંચાયતો કેવી હશે. તેની સુંદર વાત શ્રી એમ. કે. ડે. એ તેમના પુસ્તક 'પંચાયતી રાજ 'માં કહી છે..

"Rama was the ruler-servant of Ayadhya. Every Village had a Similar Counterpart ruler. Servant, Mukhiya or Sarpanch he was Called. The Sarpanch has the Counselors in the Panch. The panch used to be Cleated in an Open Meeting Of the Village by

Consensus. There was near unanimity, The needs of life Were Within easy and free access of all property has little or no meaning, Nay, Property was a liability. There was no. room for electioneering. The good man got chosen as the elder states man. The King, Sarpanch or the Mukhiya Obeyed The dictates of the people. They were Prepared to make the highest Sacrifices if the Community So demanded".

આમ,પ્રાચીન ભારતમાં દરેક ગામ એક નાનકડા પ્રજાસત્તાક કે ગણતંત્ર જેવુ હતું. ગામનું શાસન પંચાયત દ્વારા સંભાળવામાં આવતું હતું. 'પંચાયત'એટલે ગામના પસંદ કરેલા માણસો એકઠા થઈ ગામનો વહીવટ કરે તેવી વ્યવસ્થા સમગ્ર દેશમાં આ પ્રમાણેનો અર્થ સમજવામાં આવતો હતો. આ વ્યવસ્થામાં ન્યાયનો વહીવટ પણ આવી જાય છે. 'પંચ' શબ્દ સહાય માટે પસંદ કરવામાં આવ્યો હશે તે ચોક્કસ કહી શકાતું નથી. .શક્ય છે કે પાંચ વ્યકિતઓની બનેલ હોવાથી 'પંચાયત' શબ્દ અસ્તિત્વમાં આવ્યો હશે. 'પંચાયત'માં પાંચ જ સભ્યો હતા. એવું ખાતરીપૂર્વક કરી શકાતું નથી. સમય જતાં સંખ્યાનું મહત્વ ન રહેતા પંચાયતને જે કામ કરવાનું હોય તેને જ મહત્વ આપવામાં આવતું હતું. તેના પરથી કહી શકાય કે ન્યાય સમિતિઓની નિમણૂક સંબંધી તેમજ સ્થાનિક વહીવટી માટેની અન્ય સમિતિઓની ચુંટણી માટેના ચોક્કસ નિયમો હતા. સભ્ય બનવા માટે ચોક્કસ લાયકાતો નક્કી કરવામાં આવી હતી. સમિતિઓમાં સ્ત્રીઓની નિમણૂકના પુરાવા પણ મળે છે. ગામના વહીવટનું માળખું બદલાતું રહેતું હતું. પણ તેમાં પેઢી દર પેઢી કામ કરતી અન્ય જ્ઞાતિના માણસોને સ્થાન મળતું હતું. ગામડામાં મોટે ભાગે સ્વશાસન જોવા મળતું હતું. તેની સાબિતી ગ્રીક એલસી મેગસથનીસના વર્ણનમાંથી પણ મળી રહે છે.

વૈદિક સાહિત્યમાં મુખીને ગ્રામીણ તરીકે ઓળખવામાં આવતો હતો. જાતક કથાઓમાં તેને 'ગ્રામભોજક'કર્યો છે. ભારતના જુદા જુદા ભાગોમાં જુદાજુદા નામે ઓળખાય છે. ઉતર તે 'ગ્રામીક' અથવા 'ગ્રામસેવક' તરીખે ઓળખતો. તેલંગણામાં 'મુનુંન્દ' તરીકે અને ૬ ઠ્ઠી થી ૧૨ મી સદી દરમિયાન તે 'ગ્રામકૂટ' કે 'પટ્ટીકલ' નામે ઓળખાતો હતો. તેના નામો અલગ અલગ હોવા છતાં તે નિશ્ચિત છે. તે ગામના ઘરો તથા ખેતરોની જમીનને લગતા તમામ દસ્તાવેજો અને પુરાવાઓ સાચવતો તે ગામનું રક્ષણ,

જમીન મહેસૂલની વસૂલાત વગેરે જેવા કાર્યો કરતો. તે જાહેર સ્થાનો, બગીચાઓ, રસ્તાઓ, યજ્ઞગૃહો, મંદિરો, સિચાઈ યોજના, સ્મશાનગૃહો આરામગૃહો, વારિગૃહો વગેરેની દેખરેખ અને જાળવણી પણ કરવામાં આવતી. ગ્રામપત્રકમાં ગામમાં વસવાટ કરતાં લોકોના નામ, રહેઠાણ,ધંધો, જાતિ વગેરે નોંધવામાં આવતા હતા. આવા દફ્તરોની એક નકલ ગ્રામણી તાલુકા અધિકારીને મોકલતો. ગ્રામણી તાલુકા અધિકારીને મોકલતો.ગ્રામીણી કર્ણિક, શાલાધિપતિ, શુલ્કાધિપતિ , દ્વારપાળ, ચોકીદાર વગેરે કર્મચારીઓની કામગીરી ઉપર દેખરેખ રાખતો. તે ગામની સમિતિનો પ્રમુખ ગણાતો અને તેની સૂચના મુજબ સામાજિક,રાજકીય અને સાંસ્કૃતિક પ્રવુતિઓ થતી.

પ્રાચીન ભારતમાં ગામડાના પ્રમાણમાં શહેરો ઘણા ઓછા હતા. તો પણ આ શહેરો ઘણા ઓછા હતા, તો પણ આ શહેરોને આયોજન યોગ્ય રીતે થતું હતું. કૌટિલ્ય તથા શુક્રના વિવરણ મુજબ મકાન નિશ્ચિત માપ અને ક્ષેત્રફળના હતા. શેરીઓ પહોળી બનાવવામાં આવતી, દરેક ઘરના આંગણા માં બગીચો બનાવવામાં આવતો હતો. શહેરનું વાતાવરણ ઠંડુ રાખવા માટે વૃક્ષારોપણ કરવામાં આવતું હતું મોહે-જોડ-દડો, લોથલ જેવા શહેરો નમૂનારૂપ નગર તેમના ઉદાહરણો પૂરા પાડે છે. નગરતંત્રના મુખ્ય કામોમાં બજારનું નિયમન,આરોગ્ય માટે તકેદારી, રસ્તા બાંધકામ,આરામગૃહોના બાંધકામ, બગીચાઓની રચના વગેરે હતા. આરામગૃહોમાં લોકો અને વેપારીઓ માટે ભોજન અને પાણીની સુવિધા રાખવામાં આવતી હતી. રસ્તાઓ પર અમુક અંતરે સલામતી માટે દિવાઓ પણ મૂકવામાં આવ્યા હતા. જેથી વેપારીઓ તથા મુસાફરોને ચોર અને લુટારાઓના ભયથી મુક્ત કરી શકાય.

મેગેસથનીસે ઈ. સ. પૂર્વ ૩૦૦ માં પાટલીપુત્ર નગરના શાસનનું વર્ણન કરેલું છે. પ્રજાની સુખ સગવડો વધારવા માટે સ્થાનિક સંસ્થાઓને વધારે મહત્વ આપવામાં આવ્યું છે. તેમજ તેના વહીવટ માટે સ્થાનિક નાગરિકોની જ નિમણૂક કરવામાં આવતી હતી. મેગેસથનીસે તેના પુસ્તક ઇન્ડિકામાં જણાવ્યું છેકે, પાટલીપુત્રનો વહીવટ ૩૦ સભ્યોની સંસ્થા કરતી જેમાં ઔધોગિક સમિતિ (પ્રથમ બોર્ડ ) પરદેશીઓની દેખરેખ

રાખનાર સમિતિ (બીજુ બોર્ડ ) જન્મ-મરણની નોંધ રાખનાર સમિતિ (ત્રીજું બોર્ડ) તોલમાપ નિયંત્રણ સમિતિ (ચોથું બોર્ડ) કારખાના પર નિયંત્રણ રાખનાર સમિતિ (પાંચમું બોર્ડ ) અને કર સમિતિ (છઠ્ઠુ બોર્ડ ) જેવા છ મંડળ હતા. અને તેમાં દરેક મેડલમાં પાંચ -પાંચ સદસ્યો હતા જેમાં નગરપાલિકાના સભ્યોનું કાર્ય એ હતું કે, તે નગર ની દેખરેખ રાખે. બજારો, મંદિરો, બંદરો, અને સાર્વજનિક કાર્યો પર પણ આ સભ્યોનું નિયંત્રણ રહેતું હતું. નગરતંત્રના વહીવટ માટે ખાસ અધિકારીઓ નીમવામાં આવ્યા હતા. તેનો મુખ્ય અધિકારી પુરપાલ, કોટપાલ કે નાગરિક કહેવાતો. પ્રજાકીય સંસ્થાઓની સહાય થી તેઓ શાસન ચલાવતા પ્રમુખ,ન્યાયધીશ,મહેસૂલ અધિકારી,કરવેરા અધિકારે, પોલીસ અધિકારી અને લેખક એ છ નગર વહીવતના મુખ્ય અધિકારી હતા. પ્રમુખ નું સ્થાન હાલના મેયર તથા કમિશ્નર જેવુ હતું. કોટિલ્ય નગરક નામના અધિકારીનો ઉલ્લેખ કહે છે. તેની મુખ્ય ફરજોમાં પાણીના તળાવો, રસ્તાઓ ખાનગી માર્ગો, કિલ્લાઓ, દુશ્મનની હિલચાલ વગેરેની સંભાળ અને તે માટે તકેદારી રાખવાની હતી. નગરક ચોરાયેલી વસ્તુઓ પોતાના કબજામાં રાખતો તથા ખાતરી કરીને માલિકને આપતો. શહેરના જેલોનું નિયમન કરતો. બાળકો વૃધ્ધો તથા રોગીઓને મૂકતી આપી શકતો શહેરની સુખાકારી અને શાંતિ માટે કામ કરતો તેનું સ્થાન મધ્યયુગના કોટવાલ જેવુ હશે.

પ્રાચીન ભારતની ગામ તથા શહેરી સંસ્થાઓએ સ્થાનિક સ્વરાજ્યને ભૌતિક અને નૈતિક પ્રવૃતિઓનો મૂલ્યવાન વારસો આપ્યો છે. મૈસૂર રાજ્યના શિકારપુર તાલુકાના એક શિલાલેખમાં જણાવામાં આવ્યુ છે કે તે તાલુકામાં એક ગ્રામનો ગાંવન્ડ (ગ્રામણી)યુદ્ધમાં માર્યો જતા સરકારે તેની પત્ની જકકીયાબીને ગ્રામણીનું પદ આપ્યું જકકીયાબીએ ગ્રામસભાની મદદથી ગામનો સુંદર વહીવટ કર્યો .

ગુપ્ત સમયમાં પણ નગરોનો ઉલ્લેખ જોવા મળે છે. ગુપ્તકાલના શિલાલેખો નગર વહીવટ બાબતે સારો પ્રકાશ પાડે છે . નગરનો મુખ્ય વહીવટકર્તા પુરપાલ,ઉપરિક કે નગરરક્ષક કહેવાતો . તેને કામમાં ઉપયોગી બનતી સમિતિ એ પરિષદ કહેવાતી. તે જુદા જુદા સંઘોના આગેવાનો કે પ્રમુખોની બનેલી હશે. સ્કંદગુપ્તના ગિરનાર શિલાલેખમાં

ISSN: 2321- 4708
May 2020, Year - 6 (85)
Paper ID: RRJ397793

નગરરક્ષકની ફરજો અંગે જાણવામાં આપ્યું છે. સ્કંદગુપ્તના વખતમાં સૌરાષ્ટ્ર પ્રાંતનો સૂબો પર્ણદત્ત હતો . તેણે પોતાના પુત્ર ચક્રપાલિતની ગુણવર્માની ખાતરી કર્યા બાદ તેને ગિરનારના મેયરપડે નિયુક્ત કર્યો હતો. ચક્રપાલિત મેયરપડે સુંદર કામગીરી કરી હતી. તેમજ તેને અસામાજિક તત્વો પર કડક અંકુશ રાખ્યો હતો. નગરરક્ષકનું પેલું કામ નગરમાં શાંતિ જાળવવાનું હતું. નગરરક્ષક હાલના પોલીસ કમિશ્નર જેવો હતો. તેણે જાહેર સ્થળો મંદિરો,બગીચા,ધર્મશાળા વગેરે જાળવણી.

રાજપૂતકલીન સમયમાં ઉત્તર ભારતમાં શહેરી સ્થાનિક સરકારનો વિકાસ તપાસ્તા જાણવા મળે છે કે ઉદયપુરના ચાલુક્ય રાજા અજય પલ્લવદેવના શાસનમાં શહેરનો જવાબદાર અધિકારી દંડનાયક તરીકે ઓળખાતો દક્ષિણ ભારતના શહેરનો રાજ્યપાલ કેટલાક સ્થળે લશ્કરી કેપ્ટન માંથી પસંદ થતો. કર્ણાટકના રાષ્ટ્રકુત રાજા કૃષ્ણ ત્રીજઅનૂ અંગરક્ષણ શહેરના કાર્યકારી પરીફેક્ટ તરીકે કાર્ય કરતો. દક્ષિણ મહારાષ્ટ્રમાં તરીદલના જવાબદાર બાર અધિકારીઓની ચુંટણી કરવામાં આવતી હતી પ્રજાનો સહકાર મળી રહતો હતો. આથી,નાગરિક જીવન સુખી અને સમૃધ્ધ હતું.

**ગ્રામીણી ની ફરજો**

(૧) ગ્રામીણની મુખ્ય ફરજ ગામનું રક્ષણ કરવાની હતી. તે ગ્રામ રક્ષણ દળોનો વડો હતો. અને ચોકીયાત પ્રવૃતિઓ તેને હેઠળ હતી. અર્થશાસ્ત્રના જણાવ્યા મુજબ ગામડા રક્ષકની બાબતમાં સ્વાવલંબી હોવા જરૂરી હોવાથી ગ્રામણીના નેતૃત્વમાં એક લશ્કરી દળ હોવું જરૂરી હતું. તે સમયે ચોર-લુટારાઓની બીક રહેતી. તેથી દરેક ગામે પોતાના રક્ષણ માટે તૈયાર રહેતું પડતું.

(2) તે ગામની સમિતિનો પ્રમુખ ગણાતો અને તેની સૂચના અનુસાર બધી સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ કરવામાં આવતી હતી. શુક્રનીતિમાં ગ્રામણી વિષે કહેવામાં આવ્યું છે કે ‘ગામના લોકોનો સાચા અર્થમાં તે માતા, પિતા અને રક્ષણહાર હતો. આ બધી જવાબદારીઓ નિભાવવા માટે તેને કરમુક્ત જમીન આપવામાં આવતી હતી. જેથી તે પોતાના કુટુંબનું ભારણ પોષણ કરી શકે.

(૩) આજના પોલીસ પટેલ તથા તલાટી બંનેનું કામ ગ્રામીણી કરતો હતો. જમીન, મહેસૂલ તથા હિસાબ કાર્યમાં 'કર્ણિક' નામનો કર્મચારી તેની મદદ કરતો. ગ્રામીણી ગામની જમીનના પ્રકારો પાડતો. તથા તેની માપણી કરાવતો હતો. જમીનના ખરીદ અને વેચાણની નોંધ કરતો. તે ગામના ધરો અને ખેતીને લગતા. તમામ દસ્તાવેજો સાચવતો.

**ગ્રામસભા**

ગ્રામસભા એ ગ્રામના વહીવટ માટેનું મહત્વનું અંગ હતું. વૈદિક સમયથી આ બાબતે ઘણી બધી જાણકારી મળે છે. જોકે વેદોતર કાલથી કેન્દ્ર સાથેનો ગામડાનો સંબંધ કપાટો ગયો હતો. તેથી ગામડાના વહીવટમાં ગ્રામસભાનું મહત્વ વધ્યું હતું. ગ્રામસભાની રચના કેવી રીતે થતી હતી તથા તેની કામગીરી કેવી હતી. તે અંગે જાણકારી ક્રમબધ્ધ મળતી નથી. ગામની દરેક પ્રતિષ્ઠિત વ્યક્તિ ગ્રામસભાના સભ્ય થવાને લાયક ગણાતી હતી. તેના હક્કો અને ફરજો વિષે માહિતી મળતી નથી પણ પ્રાચીન ભારતમાં શહેરો તથા ગામડામાં જ્ઞાતિ તથા ધંધાને ધોરણે જુદા જુદા ગયાં કે સનધો હતા. આ સંદહોના પ્રતિનિધિઓની સભા બનેલી હોય તે સંભવિત છે. જાતક કથાઓના આધારે જાણવા મળે છે કે ગામના મુખી અને ગામના હિસાબનીશે ગ્રામસભાના મતાનુસાર કાર્યો બજાવવા પડતાં.

સભાસદોની લાયકાતો

ડો. વૈશ્ય તેમના પુસ્તકમાં સભાસદોની લાયકાતો અને ગેર લાયકાતો નીચે પ્રમાણે જણાવે છે (પરંતક -૧ ના સમયના શિલાલેખના આધારે.)

(૧) તેની પાસે પોતાનું મકાન હોવું જોઈએ.

(૨) મહેસૂલ ભરી શકે તેટલી જમીન તેની પાસે હોવી જોઈએ.

(૩) તે ૩૫ થી ૭૦ વર્ષની ઉંમરનો હોવો જોઈએ.

(૪) 'મંત્ર બ્રાહ્મણ' નો અભ્યાસી હોવો જોઈએ.

(૫) જોતેની પાસે ખૂબ ઓછી જમીન હોય તો તેણે ગમે તે એક 'વેદ' અને એક

'ભહશી'નો અભ્યાસ કરેલો હોવા જોઈએ.

(૬) તેને ધંધાના નિયમોનો ખ્યાલ હોવો જોઈએ. અને તે પ્રમાણે વર્તતો હોવો જોઈએ.

(૭) તેણે પ્રામાણિક રીતે મિલકત મેળવેલી હોવી જોઈએ.

**ગેરલાયકાતો**

(૧) સમિતિનો સભ્ય હોય, પરંતુ પોતાની આવક-જાવકનો હિસાબ રજૂ કર્યો ન હોય.

(૨) તેના સગાએ પણ આ પ્રમાણે ન કર્યું હોય.

(૩) ન સુધરી શકે તેવો ગુનેગાર હોય કે તેના સંબંધીઓ તેવા હોય.

(૪) જે વ્યભિચારી હોય અથવા ચાર ગંભીર ગુનાઓમાં નો કોઈ એક ગુનો કર્યો હોય.

(૫) જે જ્ઞાતિ બહાર જાહેર થયેલો હોય અથવા હલકી કોમના લોકો સાથે સંબંધ રાખતો હોય.

(૬) તે અસ્થિર મગજનો હોય

(૭) જેને બીજાની મિલકત ચોરી કે પડાવી લીધી હોય.

(૮) પ્રાયશ્ચિતની વિધિ કર્યા પછી પણ જે ગુનાહિત કૃત્યોમાં સંડોવાયેલો હોય.

**ગ્રામસભાની સમિતિઓ**

ગ્રામસભામાં બધા વર્ણ અને સંઘઓનો સમાવેશ કરવામાં આવતો હોવાથી સ્વભાવિક રીતે સભ્ય સંખ્યા વધારે હશે. દક્ષિણમાં આવી સભાઓમાં સભ્ય સંખ્યા ૧૦૦ થી ૧૦૦૦ જેટલી હશે,એવું અનુમાન લગાવવામાં આવે છે. તેની મીટીંગોમાં બધા સભ્યો હાજર રહી શકતા નહિ હોય પણ સભાના કામકાજ માટે પેટા સમિતિઓ રચવામાં આવી હશે. તેમ માનવામાં આવે છે. ઉતરમેરું ગામમાંથી મળી આવેલ શિલાલેખોમાં આવી પાંચ સમિતિઓની ઉલ્લેખ જોવા મળે છે. પહેલી સમિતિઓનો ઉલ્લેખ જોવા મળે છે. પહેલી સમિતિ ગામના બગીચાઓની દેખરેખ રાખતી. બીજી સમિતિ ગામના સરોવરની દેખરેખ રાખતી અને લોકોને પાણી પૂરું પાડતી. ત્રીજી સમિતિ ગામલોકોના ઝઘડાઓની પતાવટ કરતી. ચોથી સમિતિ સુવર્ણ સમિતિના નામથી ઓળખાતી અને તેનું મુખ્ય કાર્ય સોનાની

શુધ્ધતાની ચકાસણી કરવાનું હતું. પાંચમી સમિતિ પંચવાર સમિતિ તરીકે ઓળખાતી અને તેનું મુખીકારી કાર્યપ્રદેશમાં ન આવતા હોય તેવા કાર્યો કરવાનું રહેતું વળી,આ પાંચ સમિતિઓ ઉપર દેખરેખ રાખનાર સમિતિની રચના પણ કરવામાં આવતી.

આ પાંચ પેટા સમિતિઓની ચુંટણી લોકો કરતાં હતા. તેવા ઉલ્લેખો જોવા મળે છે. તેના બધા સભ્યો માનદ હતા. અને એક વર્ષ માટે ચૂંટાતા અયોગ્ય વર્તાવ માટે સભ્યને દૂર કરી શકતો હતો. એક વખત એક સમિતિ ઉપર સતત ત્રણ વર્ષ સુધી કામ કર્યા પછી તે બીજી કોઈ સમિતિ ઉપર કામ કરવા લાયક ગણાતો નહિ. આમ તેના સભ્યો વારાફરતી બદલાતા હતા.

**ગ્રામસભાના કાર્યો**

ગ્રામસભાના કાર્યો નીચે મુજબ હતા.

(૧) રાજ્ય સરકાર માટે મહેસુલ ભેગું કરવાની જવાબદારી ગ્રામસભાની ગણાતી. દુષ્કાળ,અતિવૃષ્ટિ કે રોગચાળાને કારણે ગામની આવક ઓછી થઈ હોય તો રાજ્ય સરકાર પાસેથી માફી અથવા સહાય મેળવવાનું કાર્ય તે કરતી.

(૨) ગામની બધી પડતર જમીન ગ્રામસભા હેઠળ હતી. જમીન લેવા તથા વેચવા માટે ગ્રામસભાની સંમતિ જરૂરી હતી. સતત મહેસુલ ન ભરનારની જમીન જપ્ત કરવામાં આવતી હતી.

(૩) ગામના સામાન્ય ઝગડા ગ્રામસભાપટાવતી ફોજદારી ઝઘડાઓમાં તેની સત્તા મર્યાદિત હતી, જ્યારે દિવાની સત્તા પૂરેપૂરી હતી.

(૪) ગામમાં આવેલા મંદિરોની મિલકતનો વહીવટ ગ્રામસભા કરતી. તે માટે ખાસ સમિતિ રચવામા આવતી તેના હિસાબો તથા મંદિરના મકાનોની મરામત સંબંધિત કામો કરાવવામાં આવતા હતા.

(૫) દક્ષિણ ભારતમાંથી મળી આવેલા શિલાલેખોના આધારે કહી શકાય કે શરાફી મંડળીઓ ગ્રામસભા દ્વારા ચલાવવામાં આવતી હતી. કોઈપણ આપત્તિ વખતે

ISSN: 2321- 4708
May 2020, Year - 6 (85)
Paper ID: RRJ397793

ગામની જમીન ગીરો મૂકી નાણાં લેવામાં આવતા હતા અને તેના દ્વારા ખેડૂતોને મદદ કરવામાં આવતી હતી.

**આવકના સાધનો**

(૧) ગુનેગારો પાસેથી જે દંડ લેવામાં આવતો તે ગામની તિજોરીમાં જતો.

(૨) ગ્રામસભાને પ્રાંતિક સરકારના આદેશ પ્રમાણે રાજ્યના કારનો અમુક ભાગ મળતો. આવો ભાગ ૧૦ થી ૧૫% હતો.

(૩) ગ્રામસભાને કેટલાક સ્થાનિક કરવેરા નાખવાની છૂટ આપવામાં આવતી હતી.

(૪) ગ્રામસભા લોક કલ્યાણકારી કામો કરવા દાન મેળવતી. કેટલીક વખત કેન્દ્ર સાકાર તેને અનુદાન આપતી.

(૫) દુષ્કાળ,રોગચાળો જેવી આપતિઓ વખતે ભંડોળ એકત્રિત કરવામાં આવતું. રાજ્ય સરકાર તરફથી તેમાં વિશેષ ફાળો ઉમેરવામાં આવતો.

ટૂંકમાં, ગ્રામસભા સ્થાનિક વહીવટ કરતી હતી. તેના વિષે થોડી માહિતી મળે છે. તેની સભાઓ નક્કી કરેલા સ્થળે મળતી હતી. સભાની બેઠકની જાહેરાત ઢોલ વગાડીને કરવામાં આવતી હતી. તેમાં ગામનના દરેક નાગરિકને ભાગ લેવાની છૂટ આપવામાં આવતી હતી. સામાન્ય રીતે તેમાં ૨૦૦ – ૩૦૦ માણસો હાજર રહેતા હતા. ગ્રામસભામાં બધા મુક્ત મને ચર્ચા કરતાં. અને ચર્ચાને અંતે ઠરાવો થતાં. તથા સભ્યની કાર્યવાહીની નોંધ કરવામાં આવતી. મતભેદોનો વાતચીત દ્વારા ઉકેલ લાવવામાં આવતો. ગ્રામણી સભાનું અધ્યક્ષ પદ સંભાળતો. રાજ્ય સરકાર તેની કાર્યવાહી ઉપર ધ્યાન રાખતી પણ તેમાં માથું મારતી નહિ.

## Reference

**Fonseca, R. (1971, January).** The Walled City of Old Delhi. Ekistics, p. 182.

**Jain, K. (1986).** Issues of Urban Conservation: Jaipur. Urban Conservation- **Safeguarding India's living Heritage. Martyn, D. (1990, Sept-Oct).** Inner City Areas. Architecture Design.

**Menon, A. (1989).** Conservation in India: A Search for Direction. Architecture + Design, V.6 No.1.

**Mutal, S. (2012). Naidu, R. (1990).** Old cities, new predicaments: a study of Hyderabad. New Delhi: Sage Publications.

**Nanda, V. (1990).** Ahmedabad Urbanism, Tradition & Continuity. Calcutta: International Conference.

**Rapoport, A. (1990).** History and Precedent in Environmental Design. New York and London: Plenum Press.

**Ribeiro, E. (1990).** The Existing Framework for Heritage Conservation in India. Third World Planning Review.

**Strange, I. (1997).** Planning for change, conserving the past: towards sustainable development policy in historic cities? Cities 14, 227–233.